ૐ

સંપૂર્ણ વિધિ સહિત.

સ્નાત્ર પુજા.

પંડિત.

શ્રી.

વિરવિજયજી કૃત.

યથામતિ સંશોધિત કરી છપાવી:

પ્રસિદ્ધ કર્તા.

શાહ. કેવળદાસ સખમલ.
ઈડર—મહિકાંઠા.
પ્રથમાવૃતિ ૧૦૦૦ પ્રત.

અમદાવાદ.
મામાની હવેલી મધ્યે યુનાઈટેડ પ્રીન્ટીંગ અને જનરલ
એજન્સી કંપની "લીમીટેડ" ના પ્રેસમાં.
રણછોડલાલ ગંગારામે છાપી.

સવંત. ૧૯૫૪ સને. ૧૮૯૭–૯૮

કિંમત. રૂ. ૦–૨–૦

અર્પણ પત્રિકા.

પૂન્ય પ્રભાવક, દેવગુરૂ ભક્તિકારક, સ્વધર્મ ઉધોતક, ઇત્યાદિ સર્વ પ્રકારે દૈવીસંપત્તિ સમન્વિત સુજ્ઞમહાશય, સ્વધર્મ બંધુ, ગીરધરલાલ, હીરાભઈ માજી નાયબ દિવાનજી સાહેબ સ્વસ્થાન. ઠડર.

આપની અચળવૃત્તિ ધર્મશીળ તેમજ સુદ્ધજ્ઞાન શોધક હોવાથી જ માત્ર આ લઘુ પુસ્તક હું આપને અર્પુ છું એમ નહીં; પણ ધર્મ રૂપ પવિત્ર માર્ગમાં પ્રયાણ કરવા આપની દ્રઢ અને નિર્મળ વૃત્તિ કારણીક થઈ મારી મનોવૃતિને પ્રેરીછે તે વૃત્તિ જ માત્ર આપને આ પુસ્તક અર્પણ કરવાની હહાગ્રહ પૂર્વક મને ફરજ પાડે છે તેથી તેને આધિન રહી આપનેજ અર્પણ કરૂ છું તે સ્વિકારી ઉપકૃત્ય કરશો.

(પ્રસિદ્ધ કર્ત્તા.)

ॐ.

પ્રસ્તાવના.

સંસાર સાગરના દુર્લભ્ય કાંઠાનો પાર પામવાના પ્રયત્નમાં પ્રવૃત્તિ કરનારા, અને નહિ કરનારા ઉભય વર્ગમાં પ્રાણીઓ રાગદ્વેષ રૂપ કલ્લોલમાં ડુબકીઓ ખાય છે, મોહરૂપ ભ્રમરમાં ફસાઈ જાય છે, શોકરૂપ પાતાળમાં ડુબે છે, અને હર્ષ ઘેલપણમાં ગાંડા થઈ જળસ્થંભની પેઠે ઉંચે ચઢે છે ઈત્યાદિક અનેક પ્રકારનાં કષ્ટ સહન કરનારા દરેક પ્રાણીયોને આ દુઃખદ સંસાર સાગરમાંથી તરી પાર પામવાને માટે ક્રીયા, ભક્તિ, અને જ્ઞાન એમ ત્રણ રસ્તા છે તેમાં "**महाजनो येनगतःसपंथाइति**" પદાનુસારે મહા પુરૂષોએ જે ક્રિયા કરી હોય તે દરેક પ્રાણીએ કરવી, તેનું નામ ક્રિયા; પરમાત્મા, જ્ઞાન, અને જ્ઞાનીની ભક્તિ કરવી, તે ભક્તિ; અને હેયો પાદેય પૂર્વક વિશેષાત્મક જ્ઞાન, તે જ્ઞાન; અહિંઆં સ્નાત્ર પુજાનો વિષય હોવાથી તેની અંદર જે ક્રિયા કરવાની છે, તે દેવ દેવેન્દ્ર કૃત છે; શ્રી જીનેશ્વરની ભકિત છે; અને સર્વજ્ઞ, પરમાત્માના ગુણનું જ્ઞાન થાય છે; માટે આ વિષયમાં ઉપરોકત ત્રણે પ્રકારનો સમાવેશ હોવાથી દરેક પ્રાણીને શ્રેયશઃકર છે. તેથી તે જ્ઞેય અને ઉપાદેય છે, તેટલાજ માટે યથાર્થ વિધી દર્શક પુસ્તકો નહિ મળી આવવાથી ઘણાઓ તરફથી આગ્રહ થયે આ વિધી સહિત સ્નાત્ર પુજા યથા-

મતિ સંસોધન કરી પુસ્તકરૂપે છપાવી પ્રગટ કરવામાં આવી છે તેમાં જે કંઇ છદ્મસ્થપણાને લીધે ભુલ વિગેરે થઇ હોય તેને માટે વાંચક વર્ગની સમક્ષ હું " મિચ્છામિ દુક્કડં " દઉં છું.

લી.

કર્ત્તા.

૬૮૦૨

ॐ.

॥ અથ પંડિત શ્રી વીરવિજયજી કૃત સ્નાત્રપુજા વિધી ॥

પ્રારંભ.

પ્રથમ પૂર્વદિશા સનમુખ, અથવા ઉત્તરદિશા સનમુખ પ્રતિમાજીનું મુખ થાય તેવી રીતે ઉપરા ઉપરી ત્રણ બાજઠ મુકવા, તે બાજઠ મુકતા પહેલાં પવિત્ર જળવડે સુદ્ધ કરવા, ધૂપાદીકથી પવિત્ર કરી ગુલાબ, કેવડા ચંએલી, જાઇ, જુઇ પ્રમુખના સુગંધીત જળવડે જમીન ઉપર છંટકાવ કરી, પુષ્પની વૃષ્ટિ કરી, તે જમીન ઉપર, ઉપર કહ્યા મુજબ, ત્રણ બાજઠ ઉપરા ઉપરી ગોઠવવા, અર્થાત્ સ્થાપન કરવા; તેના ઉપર પ્રતિમાજીને પધરાવવાનું સિંહાસન સ્થાપન કરવું (અહીઆં બે બાજઠ અને ત્રીજું સિંહાસન અથવા પરાત હોય તો પણ હરકત નહીં); દરેક બાજઠના મધ્ય ભાગે એક એક કેશરનો સ્વસ્તિક (સાથીઓ) કરવો તે ઉપર તાંદુલ (ચોખા) નો સાથીઓ કરવો, પછી તે સ્વસ્તિક ઉપર એક શ્રીફળ, સોપારી, ઇત્યાદિક મુકવાં. અને સિંહાસનમાં અથવા ઉપર રાખેલી પરાતમાં કેશરના બે સ્વસ્તિક કરીને એકના ઉપર ત્રણ નવકાર ગણી પંચતિર્થી પ્રતિમા ધાતુની સ્થાપન કરવી, અને તેની આગળના બીજા સ્વસ્તિક ઉપર સિદ્ધ* ચક્રજી સ્થાપન કરવા, સ્નાત્રનું જળ નીચે ઢોળાય નહીં, તેટલા માટે સિહાસનના નાળવા આગળ એક પીતળની ત્રાંબાકુંડી રાખવી. અને તેની આગળ નીચે એક પાટલો અથવા

---

* સિદ્ધ ચક્રની પાટલી

બાજઠ સુદ્ધ પવિત્ર કરીને સ્થાપન કરવો, તેની ઉપર કેશરનો સ્વસ્તિક કરી ચોખા પુરવા, પછી નિર્મળ જળ, દુધ, દહિં, ગાયનું ઘી, અને સાકર એ પંચામ્રત બનાવીને તેમાં ફૂલ, બરાસ, કેશર, ચંદન ઇત્યાદિક સુગંધિક પદાર્થ નાખીને સુદ્ધ નિર્મળ કળસ પૂર્વોકત પંચામ્રતથી ભરીને મુકવા** તે કળસના પાસા ઉપર સ્વસ્તિક કરવો અને ગળામાં આંટી પાડીને નાળવાની સાથે મૌલી (નરાસડી) બંધન કરવું અને તે કળશ ઉપર સુદ્ધ અંગલુહણુ સ્વસ્તિક કરીને ઢાંકલું. પ્રતિમાજીની જમણી બાજુ ઉપર પ્રતિમાજીના નાશીકા બરાબર લલાટે આવે એવી રીતે દીવો રાખવો, તે દીવો ફાનસ ઇત્યાદિકમાં રાખવો જોઇએ. પ્રતિમાજીની ડાબી બાજુ ઉપર ધૂપ રાખવો સિંહાસન ઉપર છોડ (ચંદરવો, તોરણ, પુઠીચું) બાંધવો, અને છત્ર ધારણ કરવું ઇત્યાદિક વિધિ કર્યા બાદ સ્નાત્રિયા સુદ્ધ થઇને, વસ્ત્રાલંકારથી સુશોભીત થઇ કપાળે તિલક કરી અષ્ટપટ મુખકોશ બાંધી હાથ ધોઇને ધૂપાદિકથી પવિત્ર કરીને ત્રણ તારની મૌલી (નરાસડી) હાથે બાંધી ને તેમ કેશર ઇત્યાદિકથી હાથ ચર્ચીત કરીને ઉભા રહી સ્નાત્ર ભણાવવા સરૂ કરે.

વળી—સ્નાત્રના કામમાં બાજઠ, ચામર, છડી, કળશ, આરતી, મંગળદીવો, ઘડીઆળ, દિવી ઇત્યાદિક જે જે વસ્તુઓ ઉપયોગમાં લેવામાં આવે તે તમામને મૌલી (નરાસડી) બંધન કરવું જોઇએ.

** સ્નાત્રિયા પાંચ જોઇએ પરંતુ એક સ્નાત્રિયાથી પણ ચાલી શકે માટે જેટલાં સ્નાત્રિયા રાખ્યા હોય તેટલાજ કળશ પંચામ્રતના ભરવા અને તેટલાજ સ્વસ્તિક કાઢવા જોઇએ.

ॐ

॥ अथ पंडित श्रीवीरविजयजि कृत स्नात्रपूजा प्रारंभः

॥ विधि संयुक्त ॥

કાવ્ય-દ્રુતવિલંબિત્ વૃત્તમ.

સરસ શાંતિ સુધારસ સાગરં, શુચિતરં ગુણરત્ન મહાગરં;
ભવિક પંકજ બોધ દિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં.

દોહરો.

કુસુમાભરણ ઉતારિને, પડિમા ધરિય વિવેક;
મજ્જન પીઠે થાપીને, કરીયેં જળ અભિષેક.

ગાથા આર્ય ગીતિ.

જિણ જમ્મ સમય મેરૂ
સિહરંમિ રયણ કયણ કલસેહિં
દેવા સુરેહિ ન્હવિઓ
તે ધન્ના જેહિં દિઠોસિ.

એ પ્રમાણે બોલતાં દરમીઆન પ્રતિમાજીના અલંકાર ઉતારવાં, નિર્માલ્ય અર્થાત પહેલાં ચઢાવેલાં ફુલ ઈત્યાદિક ઉતારવાં. અને પ-

એમ સ્થાપન કરેલા કળશવડે પ્રતિમાજીને સ્નાત્ર કરાવવું અથવા પ્રતિમાજીના જમણા અંગુઠા ઉપર કળશમાંથી થોડુંક પંચામ્રત નાખવું પછી સુદ્ધ જળવડે તે જગોએ પ્રાક્ષાલન (પખાળ) કરીને અંગલુહાણાં કરવાં, પછી ચંદન પુષ્પ ઈત્યાદિકથી પુજા કરવી, પછી હાથ ધોઈ ધૂપાદિકથી પવિત્ર કરી કળશ ઉપર સુદ્ધ વસ્ત્ર ઢાંકી સ્નાત્રિયાએ હાથમાં *કુસમાંજળી લેઇને ભગવાનની જમણી બાજુ- એઉભા રહી નિચેનો પાઠ ભણવો.

નમોર્હત્ સિદ્ધા ચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ

કુસુમાંજળિ પહેલી ઢાળ.

નિર્મળજળ કળશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે;
કુસુમાંજળિ મેહેલો આદિ જિણંદા.
સિદ્ધ સ્વરૂપી અંગ પખાળી, આતમ નિર્મળ હુઈ સુખમાળી. કુ.

ગાથા આર્યા ગીતિ.

મચકુંદ ચંપ મલાઈ, કમલાઈ પુષ્ફ પંચ વણ્ણાઇં;
જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજળી દિંતી.
કુસુમાંજળિ મહેલો આદિ જિણંદા.

ઉપર મુજબ પાઠ પૂર્ણ થયા પછી પ્રથમ કુસુમાંજળિ શ્રી પ્રતિમાજીના ચરણ ઉપર ચઢાવે ઇતિ.

---

* કુસુમાંજળી એ શબ્દનો અર્થ એમ છે કે માત્ર પૂષ્પનો ખોબો (પસળી) ભરીને ઉભા રહેવું કદાચ ફુલનો અભાવ હોય એટલે ન મળતાં હોયતો તેને બદલે ઉંચા અખંડિત ચોખા શુદ્ધ જળ- થી પવિત્ર કરીને કેશરવડે રંગી પુષ્પને બદલે વાપરવાને છુટ છે.

નમોર્હત્ સિદ્ધા ચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્ય:

કુસુમાંજળિ બીજી ઢાળ.

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજળિ પ્રભુ ચરણે દીજે;
કુસુમાંજળિ મેહેલો શાંતિ જિણંદા.

દોહરો.

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણ ભંડાર;
તસુ ચરણે કુસુમાંજળિ, ભવિક દુરિત હરનાર.

ઉપર મુજબ પાઠ પૂર્ણ થયા પછી કુસુમાંજળિ શ્રી પ્રતિમાજીની જાનુંયે મુકે. ઇતિ.

નમોર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાગ સર્વ સાધુભ્ય:

કુસુમાંજળિ ત્રીજી. ઢાળ.

કૃષ્ણાગરૂવર ધૂપ ધરિજે, સુગંધ કર કુસમાંજળિ દીજે;
કુસમાંજળિ મેહેલો નેમિ જિણંદા.

ગાથા આર્યા ગીતિ.

જસુ પરિમળ બળ દહદિસિં, મહુકર ઝંકાર સદ્દ સંગીયા;
જિણ ચલણો વરિમુક્કા, સુરનર કુસુમાંજળિ સિદ્ધા.

ઉપર મુજબ પાઠ પૂર્ણ થયા પછી કુસુમાંજળિ પ્રતિમાજીના હાથ ઉપર મુકે. ઇતિ.

નમોર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્ય:

કુસુમાંજળિ ચોથ ઢાળ.

પાસ જિણેસર જગ જયકારી, જળ થળ ફૂલ ઉદક કર ધારી;
કુસુમાંજળિ મેહેલો પાર્શ્વજિણંદા.

દોહરો.

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકમાળ;
તે કુસુમાંજળિ ભવિકનાં, પાપ હરે ત્રણકાળ.

ઉપર મુજબ પાઠ પૂર્ણ થયા પછી કુસુમાંજળિ પ્રતિમાજીના સ્કંધ (ખભા) ઉપર મુકે. ઇતિ.

નમોર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ

કુસુમાંજળિ પાંચમી ઢાળ.

વિવિધ કુસુમ વરજાતિ ગહેવી, જિનચરણે પણ મંત ઠવેવી
કુસુમાંજળિ મેહેલો વીરજિણંદા.

વસ્તુ છંદ.

ન્હવણકાળે ન્હવલાણકાળે, દેવ દાણવ સમુચ્ચિય;
કુસુમાંજળિ તહિ સંઠવિય, પસરંત દિસિ પરિમળ સુગંધિય.
જિણ પયકમળે નિવડેઇ, વિગ્ઘહર જસ નામ મંતો.
અનંતહ ચઉવીસ જિન, વાસવ મળિય અસેસ.
સા કુસુમાંજળિ સુહ કરો, ચઉવિહ સંગ વિષેશ;
કુસુમાંજળિ મેહેલો ચઉવીસ જિણંદા.

ઉપર મુજબ પાઠ પૂર્ણ થયા પછી કુસુમાંજળિ પ્રતિમાજીના મસ્તક ઉપર મુકે. ઇતિ.

નમોર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ

કુસુમાજળિ છઠ્ઠી ઢાળ.

અનંત ચઉવીસી જિનજી જુહારૂં, વર્તમાન ચઉવીસી સંભારૂ
કુસુમાંજળિ મેહેલો ચોવીસ જિણંદા.

દોહરો.

મહાવિદેહેં સંપ્રતિ, વિહરમાન જિન વીશ;
ભક્તિભરેં તે પૂજિયા, કરો સંઘ સુજગીશ.

ઉપર મુજબ પાઠ પૂર્ણ થયા પછી કુસુમાંજળિ શ્રી પ્રતિમાજીના હૃદય ઉપર મૂકે. ઇતિ.

નમોર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્ય;

કુસુમાંજળિ સાતમી ઢાળ.

અપછર મંડળિ ગીત ઉચ્ચારા, શ્રી શુભવીર વિજય જયકારા;
કુસુમાંજળિ મહેલો સર્વ જિણંદા.

ઉપર મુજબ પાઠ પૂર્ણ થયા પછી કુસુમાંજળિ શ્રી પ્રતિમાજીના નાભિસ્થને મુકે. ઇતિ.

પછી સ્નાત્રિયાએ ત્રણ ખમાસમણ દેઈ આદેશ માગી (ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ચૈત વંદન કરૂં ? ઈચ્છં, એમ કહીને) ને "જગચિંતામણિ" નું ચૈત્ય વંદન જયવિયરાય સુધી સંપૂર્ણ કરવું.

જગચિંતામણિ ચૈત્યવંદન.

જગચિંતામણિ જગનાહ, જગગુરૂ જગરખ્ખણ,
જગ બંધવ જગસથ્થવાહ, જગભાવવિ અખ્ખણ.
અઠાવય સંઠવિય, રૂવ કમ્મઠ વિણાસણ;
ચઉવીસંપિ જિણવર, જયંતુ અપ્પડિહય સાસણ. ૧
કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં, પઢમ સંઘયણિ,
ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઈ,
નવકોડિહિં કેવળિણ, કોડિસહસ્સ નવસાહુ ગમ્મઈ,

સંપઈ જિણવર વીસ મુણિ, બિહું કોડિહિં વરનાણ,
સમણહ કોડિ સહસ્સ દુઅ, થુણિજ્જિઅ નિચ્ચવિહાણ.
જયઉ સામી જયઉ સામી, રિસહ સત્તુંજિ,
ઉર્જ્જિત પહુ નેમિ જિણ, જયઉ વીર સચ્ચઉરિ મંડણ
ભરૂ અચ્છિહિં મુણિ સુવ્વય, મુહરિ પાસ દુહ દુરિઅ ખંડણ,
અવર વિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિંકેવિ'
તીઆણાગય સંપઇઅ, વંદુંજિણ સવ્વેવિ. ૩
સત્તાણવઈ સહસ્સા, લખ્ખા છપ્પન અઠ્ઠ કોડીઓ,
બત્તીસ બાસિઆઈ, તિઅલોએ ચેઇએ વંદે, ૪
પન્નરસ કોડિસયાંઇ, કોડિ બાયાલ લખ્ખ અડવન્ના,
છત્તીસ સહસ અસિઇ, સાસય બિંબાઇ પણમામિ. ૫

અથ જંકિંચિ.

જંકિંચિ નામ તિથ્થં, સગ્ગે પાયાલિ માણુંસે લોએ,
જાઇં જિણ બિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ,

અથ નથ્થુણંવાશક્રસ્તવ.

નમુથ્થુણં, અરિહંતાણં ભગવંતાણં,
આઇગરાણં, તિથ્થયરાણં, સયંસંબુદ્ધાણં,
પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર.
પુડરીઆણં, પુરિસવર ગંધ હથ્થિણં,
લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં,
લોગપઇવાંણં, લોગપજ્જો અગરાણં,

અભયદયાણં, ચખ્ખુદયાણં, મગ્ગદયાણં,
સરણદયાણં, બોહિદયાણં.
ધમ્મદયાણં, ધમ્મદેશિયાણં, ધમ્મનાયગાણં,
ધમ્મસારહીણં, ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં
અપ્પડિહય વરનાણ દંસણ ધરાણં, વિઅટ્ટછઉમાણં
જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં,
બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં,
સવ્વંનૂણં, સવ્વંદરિસિણં, સિવ મયલ મરૂઅમણંત
મખ્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયં,
ઠાંણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં
જેઅ અઈઆ સિદ્ધા, જેઅ ભવિસ્સંતિણાગ એ કાળે,
સંપઈઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ

અથ જાવંતિ ચેઈઆઈ.

જાવંતિ ચેઈઆઈ, ઉડ્ઢે અ અહે અ તિરિઅ લોએ અ,
સવ્વાઇં તાઇં વંદે, ઇહિ સતોતથ્થ સંતાઇં.

અથ જાવંત કેવિસાહૂ.

જાવંત કેવિસાહૂ, ભરહે રવય મહાવિદેહે અ,
સવ્વે સિતેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં.

અથ ઉપસર્ગહર સ્તવન.

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણ મુકકં,
વસ્સહર વિસ્સનિન્નાસં, મંગળ કલ્યાણ આવાસં.

વિસ્સહર ફુલિંગમંતં, કંઠે ધારેઈ જોસયા મણુઓ,
તસ્સગહ રોગ મારી, દુટ્ઠજરા જંતિ ઉવાસામં.
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્જ પણામોવિ બહુફલો હોઈ,
નર તિરિએસુવિ જીવા, પાવંતિ ન દુખ્ખ દોગચ્ચં
તુહ સમ્મતે લદ્ધે ચિંત્તામણિ કપ્પ પાયવબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણું, જીવા અયરામરં ઠાણું.
ઇઅ સંથુઓ મહાયસ્સ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિઅએણ,
તાદેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ.

અથ જયવીયરાય.

જયવીયરાય જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં.
ભવનિવ્વેઓ મગ્ગા, ણુસારિઆ ઈટ્ઠફળ સિદ્ધી.
લોગ વિરૂદ્ધ ચ્ચાઓ, ગુરૂજણ પુઆ પરથ્થ કરણુંચ.
સુહ ગુરૂ જોગો તવ્વય, ણ સેવણા આભવ મખંડા.
વારિજ્જઈ જઈવિનિયા, ણ બંધણું વીઅરાય તુહ સમએ,
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણું,
દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ, સમાહિમરણું ચ બોહિલાબો અ,
સંપજ્જઓ મહએઅં, તુહનાહ પણામ કરણેણં.
સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં,
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.

પછી મુખકોશ બાંધીને હાથ જળવડે સુદ્ધ કરી ધૂપાદિકથી પવિત્ર કરી ત્રણ ખમાસમણ દેઈ એક નવકાર ગણી પાંચમૃતને કળશ અંગલુહણાથી ઢાંકીને ઉપર ફુલમાળા પહેરાવીને સ્નાત્રિયાએ

પોતાના હૃદયની પાસે જમણા હાથમાં ધારણ કરીને ઉભા રહેવું અને નિચે મુજબનો પાઠ સરૂ કરવો.

અથ કળશ દોહરો.

સયળ જીણેસર પાયનમિ, કલ્યાણક વિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પુગે આશ. ૧

ઢાળ. એકદિન અચિરા હુલરાવતી "એ દેશી.

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમસુખ રમ્યા;
વીશ થાનક વિધિયેં તપ કરી, એસીભાવ દયા દિલમાં ધરી ૧
જોહોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરૂં શાસન રસી;
શુચિરસ ઢળતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતા. ૨
સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચવિ પન્નર ક્ષેત્રેં અવતરે, મધ્યખંડેં પણ રાજવી કુલે. ૩
પટરાણી કૂખે ગુણનિલો, જેમ માનસરોવર હંસલો;
સુખસયાયેં રજની શેષેં, ઉતરતાં ચઉદ સુપન દેખે. ૪

ઢાળ. સ્વપ્નની.

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઇઠો.
ત્રીજે કેસરી સિંહ, ચોથે લખમી અબીહ. ૧
પાંચમે ફુલની માળા, છઠે ચંદ્ર વિશાળા;
રવિરાતો ધ્વજ મોહોટો, પૂરણ કળશ નહિં છોટો. ૨
દશમે પદ્મ સરોવર, અગિયારમે રતનાગર;
ભુવન વિમાન રત્ન ગંજી, અગ્નિશિખા ધુમવર્જી. ૩

સ્વપ્નલહિ જઈ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે.
પુત્ર તીર્થંકર ત્રિભૂવન નમસે, સકળ મનોરથ ફળશે. ૪

વસ્તુ છંદ.

અવધિ નાણે અવધિ નાણે ઉપના જિનરાજ,
જગત જસપરમાણું આ વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર.
મિથ્યાત્વ તારા નિર્બળા, ધર્મ ઉદય પરભાત સુંદર,
માતા પણ આણંદિયાં જાગતી ધર્મ વિધાન.
જાણંતી જગ તિલક સમો હોશે પુત્ર પ્રધાન,

દોહરો.

શુભલગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જોત;
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત. ૧

ઢાળ. કડખાની દેશી.

સાંભળો કળશજન મહોત્સવનો ઈહાં,
છપ્પન કુમરી દિશિ વિદિશિ આવે તિહાં.
માય સુત નમિય આણંદ અધિકો ધરે;
અષ્ટ સંવર્ત્ત વાયુથી કચરો હરે. ૧
વૃષ્ટિ ગંધોદકે અષ્ટ કુમરી કરે,
અષ્ટ કળશા ભરી અષ્ટ દર્પણ ધરે,
અષ્ટ ચામર ધરે અષ્ટ પંખા લહી.
ચાર રક્ષા કરી ચાર દીપક ગ્રહી. ૨
ઘર કરી કેળનાં માય સુત લાવતી,

કરણુ શુચિ કર્મે જળ કળશેં ન્હવરાવતી;
કુસુમ પૂજી અલંકાર પેહેરાવતી,
રાખડી બાંધી જઇ શયન પધરાવતી. ૩
નમિય કહે માય તુજ બાળ લીલાવતી,
મેરૂ રવિ ચંદ્ર લગેં જીવજો જગપતિ;
સ્વામિ ગુણ ગાવતી નિજ ઘર જાવતી,
તેણે સમે ઇંદ્ર સિહાસન કંપતી. ૪

ઢાળ એકવીશાની દેશી.

જિન જન્મ્યાજી જિણ વેળા જનની ઘરે,
તિણુ વેલાજી ઇંદ્ર સિહાસન થર હરે;
દાહિણોત્તરજી જેતા જિન જનમે યદા,
દિશિ નાયકજી સોહમ ઇશાન બિહુ તદા. ૧

ત્રુટક.

તદા ચિંતે ઇંદ્ર મનમાં કોણુ અવસર એ બન્યો,
જિન જન્મ અવધિ નાણે જાણિ હર્ષ આનંદ ઉપન્યો. ૧
સુઘોષ આદે ઘંટનાદે ઘોષણા સુરમેં કરે,
સવિ દેવી દેવા જન્મ મહોત્સવેં આવજો મલિ સુરગિરિવરેં. ૨

ઢાળ પૂર્વલી.

એમ સાંભળીજી સુરવર કોડિ આવિ મળે,
જન્મ મહોત્સવજી કરવા મેરૂ ઉપર ચલે;
સોહમ પતિજી બહુ પરિવારેં આવિયા,

માય જિનનેંજી વાંદી પ્રભુને વધાવિયા.

ત્રુટક.

વધાવી બોલે હે રત્ન કૂખ, ધારિણી તુજ સુત તણો;
હું શક્ર સોહમ નામેં કરશું, જન્મ ઉત્સવ અતિ ઘણો.
એમ કહી જિન પ્રતિબિંબ થાપી, પંચરૂપેં પ્રભુ ગ્રહી;
દેવ દેવી નાચે હર્ષ સાથેં, સુરગિરિ આવ્યા વહી.

ઢાળ પૂર્વલી.

મેરૂ ઉપરજી પાંડુક વનમેં ચિહુ દિશેં,
શિલા ઉપરજી સિંહાસન મન ઉલસે;
તિહાં બેસીજી શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેશઠજી બીજા તિહાં આવી મળ્યા.

ત્રુટક.

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં કરે કળશ અડ જાતિના,
માગધાદિ જળ તીર્થ ઔષધિ ધૂપ વળિ બહુ ભાતિના;
અચ્યુત પતિયેં હુકમ કીનો સાંભળો દેવા સવે,
ખીર જલધિ ગંગાનીર લાવો જહિતિ જિન મહોત્સવેં.

ઢાળ વિવાહલાની દેશી.

સુર સાંભળીને સંચરીયા, માગધ વરદામેં ચલીયા;
પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશ ભરાવે. ૧
તીરથ ફળ ઔષધિ લેતા, વળિ ખીર સમુદ્રેં જાતા;
જળ કળશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાલ લાવે. ૨
સિંહાસન ચામર ધારી, ધૂપ ધાણા રકેબી સારી;

સિદ્ધાંતેં ભાખ્યા જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩
તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે;
કળશાદિક સહુ તિહાં ઠાવે, ભક્તેં પ્રભુના ગુણગાવે. ૪

ઢાળ રાગ ધન્યાશ્રી.

આતમ ભક્તિ મળ્યા કેઈ દેવા કેતા મિત્તનું જાઈ,
નારી પ્રેર્યાં વળિ નિજ કુલવટ ધર્મી ધર્મ સખાઇ;
જોઇસ વ્યંતર ભુવન પતિના વૈમાનિક સુર આવે,
અચ્યુત પતિ હુકમેં ધરી કળશા અરિહાનેં નવરાવે. આ. ૧
અડ જાતિ કળશા પ્રત્યેકેં આઠ આઠ સહસ પ્રમાણે,
ચઉસઠ સહસ હુઆ અભિષેકેં અઢિસેં ગુણા કરી જાણો;
સાઠ લાખ ઉપર એક કોડિ કળશાના અધિકાર,
બાસઠ ઈંદ્ર તણા તિહાં બાસઠ લોક પાળના ચાર. આ. ૨
ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ રવિ સેણી નર લોકો,
ગુરૂ સ્થાનક સુરકેરો એકજ સામાનિકનો એકો;
સોહમપતિ ઇશાન પતિની ઇંદ્રાણીના સોળ,
અસુરની દશ ઇંદ્રાણી નાગની બાર કરે કલ્લોલ. આ. ૩
જ્યોતિષ વ્યંતર ઈંદ્રની ચઉ ચઉ પરખદા ત્રણનો એકો,
કટકપતિ અંગ રક્ષક કેરો એક એક સુ વિવેકો;
પરચૂરણ સુરનો એક છેલ્લો એ અઢીસેં અભિષેકો,
ઇશાન ઈંદ્ર કહે મુજ આપો પ્રભુને ક્ષણ અતિરેકો. આ. ૪
તવ તસ ખોલે ઠવિ અરિહાને સોહમપતિમન રંગે,
વૃષભરૂપ કરી શૃંગ જલેં ભરી ન્હવણ કરે પ્રભુ અંગે;

પુષ્પાદિક પૂજીને છાંટે કરિ કેસર રંગ રોલે,
મંગળ દીવો આરતી કરતાં સુરવર જય જય બોલે. આ. ૫

ભેરી ભૂંગળ તાલ બજાવત વળિયા જિન કર ધારી,
જનની ઘર માતાને સોંપી એણી પરેં વચન ઉચ્ચારી;
પુત્ર તમારો સ્વામી હમારો અમેં સેવક સાધાર,
પંચ ધાવી રંભાદિક થાપી પ્રભુ ખેલવાણ હાર. આ. ૬

બત્રીશ કોડિ કનક મણિ માણિક વસ્ત્રની વૃષ્ટિ કરાવે,
પૂરૂ હર્ષ કરેવા કારણ દ્વીપ નંદીસર જાવે;
કરિય અઠાઈ ઓછવ દેવા નિજ નિજ કલ્પ સધાવે,
દીક્ષા કેવળનેં અભિલાષેં નિત નિત જિન ગુણ ગાવે. આ. ૭

તપગચ્છ ઇસર સિંહ સૂરીસર કેરા શિષ વડેરા,
સત્ય વિજય પન્યાસ તણે પદ કપૂર વિજય ગંભીરા;
ખિમા વિજય તસ સુજસ વિજયના શ્રી શુભ વિજય સવાયા,
પંડિત વીર વિજય તસ શિષ્યેં જિન જન્મ મહોત્સવ ગાયા. ૮

ઉત્કૃષ્ટા એકશોને સિત્તેર સંપ્રતિ વિચરે વીશ,
અતિત અનાગત કાળેં અનંતા તીર્થંકર જગદીશ;
સાધારણ એ કળશ જે ગાવે શ્રી શુભવીર સવાઇ,
મંગળ લીલા સુખ ભર પાવે ઘર ઘર હર્ષ વધાઇ. આ. ૯

ઉપર મુજબ પાઠ પૂર્ણ થયા પછી સ્નાત્રિયાએ પંચામૃતવાળો, કળશ શ્રી પ્રતિમાજી ઉપર નામવો (ઢાળવો) તે નામતાં નિચેનો શ્લોક બોલવો.

અથ સ્નાત સ્યાની સ્તુતિ પ્રારંભ.

સ્નાતસ્યા પ્રતિમસ્ય મેરૂ શિખરે સચ્યા વિભોઃ શૈશવે,
રૂપા લોકન વિસ્મયા હતરસ ભ્રાન્ત્યા ભ્રમ ચ્ચક્ષુષા;
ઉન્મૃષ્ટં નયન પ્રભા ધવલિતં ક્ષીરે દકા શંકયા,
વક્રં યસ્ય પુનઃ પુનઃ સજ યતિ શ્રી વર્દ્ધમાનો જિન. ૧

પછી સ્વચ્છ પાણીથી પ્રતિમાજીને સ્નાન કરાવીને (પખાળ કરીને) અંગ લુહણાં કરવાં પછી અનુક્રમે નિચે પ્રમાણે પુજા કરવી.

ચંદનવડે નવ અંગે પુજા કરવી (ઘસેલા કેશરથી), ફુલ ચઢાવવાં, ધૂપ કરવો તે પ્રતિમાજીની ડાબી બાજુએ મુકવો, દિવો, કરી પ્રતિમાજીની જમણી બાજુએ મુકવો, પછી સ્થાપનાની આગળ કળશ માટે સ્થાપન કરેલા બાજઠ ઉપર (પાટલા ઉપર) અખંડિત ચોખાવડે સ્વસ્તિક, ત્રણ પુંજ અને સિદ્ધ સિલ્લા એ ત્રણ કરવાં તેના ઉપર ફળ ચઢાવવાં નૈવેદ મુકવું. એટલું કર્યા પછી ચૈત્યવંદન કરવા સરૂ કરવું.

ચૈત્યવંદન કરતાં પહેલાં ત્રણ ખમાસણ દઇ આ પાઠ બોલવો "ઇચ્છા કોરણ સંદિસહ ભગવન ચૈતવંદન કરૂ ? ઇચ્છં."

અનુષ્ટુપ વૃતમ્.

સકળ કુશળ વલ્લી, પુષ્કરા વર્ત મેઘો;
દૂરિત તિમિર ભાનૂ, કલ્પ વૃક્ષોપ માન. ૧
ભવજળ નિધી પોત, સર્વ સંપત્ત હેતુ;
સભવતુ સતતંવઃ, શ્રેય શ્રીય પાર્શ્વનાથ. ૨

અથ શ્રી પરમાત્માનું ચૈત્ય વંદન.

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિટ્ઠ;
જય જગ ગુરૂ દેવાધિદેવ, નયણેં મેં દિટ્ઠ. ૧
અચળ અકળ અવિકાર સાર, કરૂણારસ સિંધુ;
જગતીજન આધાર એક, નિઃકારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરાએ, કિમહી કળ્યા ન જાએ;
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

પછી પૂર્વોક્ત ચૈત્યવંદનમાં જણાવ્યા મુજબ "જંકિંચિ, નમુથુણં, જાવંતિ ચેઇઆઈં, જાવંતિ કેવિ સાહૂ, નો પાઠ કહી; નમોર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ" એ પ્રમાણે બોલી સ્તવન કહેવા સરૂ કરવું.

અથશ્રી શાંતિજિન સ્તવન.

સુંદર શાંતિ જિણંદની છબી છાજે છે;
પ્રભુ ગંગાજળ ગંભીર, કીર્ત્તિ ગાજે છે.—
ગજપુર નયર સોહામણું, ઘણું દીપે છે;
વિશ્વસેન નરિંદનો નંદ, કંદર્પ જીપે છે. ૧ સુંદર.
અચિરામાતાયે ઉરધર્યો, મન રંજે છે;
મૃગ લંછન કંચનવાન, ભાવઠ ભંજે છે. ૧ સુંદર.
પ્રભુ લાખ વરસ ચોથે ભાગે, વ્રત લીધું છે;
પ્રભુ પામ્યા કેવળજ્ઞાન, કારજ સીધ્યું છે. ૩ સુંદર.
ધનુષ ચાલીશનું ઈશનું, તનુ સોહે છે;
પ્રભુ દેશના ધ્વનિ વરસંત ભવિ પડિ બોહે છે. ૪ સુંદર.

ભક્ત વત્સલ પ્રભુતા ભણી, જન તારે છે;
બૂડંતાં ભવજળ માંહિ, પાર ઉતારે છે. ૫ સુંદર.

પછી પૂર્વોક્ત પ્રમાણે જયવિયરાયનો પાઠ કહી પુરો કરી ઉભા થઈ અરિહંત ચેઇઆણંનો પાઠ કરવો.

અથ અરિહંત ચેઇઆણં.

અરિહંત ચેઇઆણં, કરેમિ કાઉસ્સગ્ગં;
વંદણ વત્તિ આએ, પૂઅણ વત્તિ આએ.
સક્કાર વત્તિઆએ, સમ્માણ વત્તિઆએ;
બોહિલા ભવત્તિઆએ, નિરૂવ સગ્ગવત્તિઆએ.
સદ્ધાએ, મેહાએ, ધીઇએ, ધારણાએ;
અણું પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસગ્ગં.

અથ અન્નથ ઉસસિએણં.

અન્નથ્થ ઉસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ, પિત્તમુછાએ, સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિ ખેલ સંચાલેહિં, સુહુમેહિ, દિઠ્ઠિ સંચાલેહિં, એવમાઇએહિં, અગ્ગરેહિં, અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જમે કાઉસગ્ગો, જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ, તાવકાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ.

ઉપર પ્રમાણે પાઠ પુરો થયા પછી સ્થિરપણે ઉભા રહીને એક નવકારનો કાઉસગ્ગ કરી પાછી " નમો અરિહંતાણં, નમો ર્હત

સિદ્ધાચાર્યોં પાધ્યાય સર્વ સાધુભ્ય:" એમ કહિ નિચે પ્રમાણે "થોય" કહેવી.

સગધ્રા વૃતમ્.

પાપા ધાધાનિ ધાધા ધમ ધમ ધગ સાસાગ સાસારિ ગાપા,
સાસા ગાગારિ ધાપા નિગરિ મિસરિગા પાપગા સારિગાપા;
ઇથ્થં ખટ જાતિ રમ્યં કરણુ લયયુતં સત્કલા ભિસમેતં,
સંગીતં યસ્ય દેવે વિહિત મતિ સુબં પાત્વસૌ પાર્શ્વનાથ. ૧

પછી આરતી મંગળ દિવો અને લુણુ ઉતારવું તેની વિધિ નીચે મુજબ.

આરતી કરતાં પહેલાં પ્રભુના આગળ પડદો કરી સનમુખ બેશી આરતી કરનારે પોતાના નવ અંગે કંકુના અથવા કેસરનાં તિલક કરવાં પછી એક થાળમાં આરતી અને જમણે પાસે મંગળ-દિવો સ્વસ્તિક કરીને મુકવાં, તેમાં આરતીમાં ઘી થોડુ પુરવું, અને મંગળદિવામાં વધારે પુરવું, પછી એક રકેબીમાં મીઠુ અને પાણી લઇને આરતીની પેઠે ઉતારવું તે ઉતારતાં નીચે પ્રમાણેનો પાઠ બોલવો.

અથ લૂણુ ઉતારણું.

લૂણુ ઉતારો જિનવર અંગે, નિર્મળ જળધારા મન રંગે લૂણ. ૧
જિમ જિમ તડતડ લૂણજ ફૂટે, તિમ તિમ અશુભ કર્મબંધ ત્રૂટે. લુણ. ૨
નયન સલૂણાં શ્રીજિનજીનાં, અનુપમ રૂપ દયારસ ભીનાં. લુણ. ૩
રૂપ સલૂણું જિનજીનું દીસે, લાજ્યું લૂણ તે જળમાં પેસે. લુણ. ૪
ત્રણ પ્રદિક્ષણ દેઈ જળધારા, જલણ ખેપવીયે લૂણ ઉદાર. લુણ. ૫
જે જિન ઉપર દુમણો પ્રાણી, તે એમ થાજ્યો લૂણ જ્યું પાણી. લુણ. ૬
અગર કૃષ્ના ગરૂ કુંદરૂ સુગંધે, ધૂપ કરીજે વિવિધ પ્રબંધે. લુણ. ૭

એ પ્રમાણે પુરૂ થયા પછી મીઠાને જળ શરણ કરવું. પછી થાળમાં રાખેલી આરતી અને મંગળ દીપકને કેશર, ફૂલ, અક્ષતવડે પુજા કરી કંકુના છાંટા નાખવા, પછી મંગળદીવો સળગાવવો અને તે મંગળદીવાવડે આરતી સળગાવવી પછી મંગળદીવો નીચેના બાજઠ ઉપર મુકી આરતી ઉતારવી.

અથ શાંતિ જિન આરતી.

જય જય આરતિ શાંતિ તુમારી, ચરણ કમળકી મેં જાઉં
બલિહારી. જય જય. ૧
વિશ્વસેન અચિરા જિકે નંદા, શાંતિનાથ મુખ પૂનમચંદા. જય. ૨
ચાલીશ ધનુષ સોવનમય કાયા, મૃગ લંછન પ્રભુ ચરણ
સુહાયા. જય જય. ૩
ચક્રવર્ત્તિ પ્રભુ પાંચમા સોહે, સોલમા જિનવર સુરનર મોહે જય. ૪
મંગળ આરતિ ભોરહિં કીજે, જન્મ જન્મનો લાહો લીજે. જય. ૫
કરજોડી સેવક ગુણ ગાવે, સો નરનારી અમરપદ પાવે. જય. ૬

પછી મંગળદિવો ઉતારવો તેની જોડે કપુર સળગાવી રાખવું.

અથ મંગળ દીપક.

દીવો રે દીવો મંગળિક દીવે
ભુવન પ્રકાશક જિન ચિરં જીવો. દી૦ ૧
ચંદ્ર સૂરજ પ્રભુ તુમ મુખ કેરા,
લુંછણ કરતા દે નિત્ય ફેરા. દી૦ ૨
જિન તુજ આગળ સુરની અમરી,
મંગળદીપ કરી દિયે ભમરી. દી૦ ૩

જિમ જિમ ધૂપ ઘટી પ્રગટાવે,
તિમ તિમ ભવનાં દુરિત દઝાવે. દી૦ ૪
નિર અક્ષત કુસુમં જલિ ચંદન,
ધૂપ દીપ ફળ નૈવેધ વંદન. દી૦ ૫
એણી પરેં અષ્ટ પ્રકારી કીજેં,
પૂજા સ્નાત્ર મહોત્સવ ભણીજેં દી૦ ૬

પછી પ્રતિમાજીની સંક્ષેપથી અષ્ટ પ્રકારી પુજા કરવી કદાપિ તેમ ન બનેતો બાકી રહેલાં ફળ, ફૂલ, નૈવેદ જે હોય તે ચઢાવી દેવાં. પછી નમણુવાળી ત્રાંબા કુંડીમાંથી એક સ્નાનત્રિયો કળશ ભરીને તેમાંને તેમાં નામે અને નીચેનો પાઠ ભણે તે પુરો થતાં સુધી ધારા અખંડિત રાખવી.

બૃહદ્ શાંતિ સ્તવ.

“ મદાક્રાન્તા. ”

ભો ભો ભવ્યાઃ શ્રૃણુત વચનં પ્રસ્તુતં સર્વં મેતત,
યે યાત્રાયાં ત્રિભુવન ગુરો રાર્હતાં ભક્તિ ભાજ;
તેષાં શાંતિ ર્ભવતુ ભવતામ ર્હદાદિ પ્રભાવા,
દારોગ્ય શ્રી ધૃતિ મતિ કરી કલેશ વિધ્વંસ હેતુઃ ૧

“ગદ્ય.”

ભો ભો ભવ્ય લોકા ઇહિ હિ ભરતૈરાવત વિદેહ સંભવાનાં સમસ્તતીર્થં કૃતાં જન્મન્યા સનપ્રકં પાનંતર મવધિના વિજ્ઞાય સૌધર્માધિપતિઃ સુઘોષા ઘંટા ચાલના નંતરં સકળ સુરા સુરેંદ્રૈઃ સહ સમાગત્ય સવિનય મર્હદ્ભટ્ટારકં ગૃહિત્વા ગત્વા કનકાદ્રિસ્રૃંગે વિહિત

જન્માભિષેકઃ શાંતિ મુદ્દ્ ઘોષયતિ યથા તતોઽહં કૃતાનું કારમિતિ કૃત્વા મહાજનો યેનગતઃ સપંથાઃ ઇતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય સ્નાત્ર પીઠે સ્નાત્ર વિધાય શાંતિમુદ્દ્ ઘોષયામિ તત્પૂજા યાત્રા સ્નાત્રાદિ મહોત્સવાનંતર મિતિકૃત્વકર્ણે દત્વા નિસમ્યતાં નિશમ્યતાં સ્વાહા. ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રિયંતાં પ્રિયંતાં ભગવતો હંતઃ સર્વજ્ઞઃ સર્વ દર્શિન સ્ત્રિલોકનાથા સ્ત્રિલોક મહિતા સ્ત્રિલોક પૂજ્યા સ્ત્રિલોકેશ્વરા સ્ત્રિલોકો દ્યોતકરાઃ ૐ રૂષભ અજિત સંભવ અભિનંદન સુમતિ પદ્મપ્રભ સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ શીતળ શ્રેયાંસ વાસુપૂજ્ય વિમળ અનંત ધર્મ શાંતિ કુંથુઅર મલ્લિ મુનિસુવ્રત નમિ નેમી પાર્શ્વ વર્દ્ધમાનાં તાજિનાઃ શાંતાઃ શાંતિકરા ભવંતુ સ્વાહા. ૐ મુનયો મુનિપ્રવરા રિપુ-વિજય દુર્ભિક્ષ કાંતારેષુ દુર્ગ માર્ગેષુ રક્ષંતુવો નિત્યં સ્વાહા. ૐ હ્રીં ધૃતિ મતિ કીર્તિ કાંતિ બુદ્ધિ લક્ષ્મિ મેધા વિદ્યાસાધન પ્રવેશ નનિ-વેશનેષુ સુગૃહિત નામાનો જ્યંતુ તે જિનેદ્રાઃ ૐ રોહિણી પ્રજ્ઞપ્તિ વજ્રશ્રૃંખલા વજ્રાંકુશી અપ્રતિ ચક્રા પુરૂપદત્તા કાળી માહાકાળી માન-વી વૈરુટચા અછુપ્તા માનસી માહામાનસી ષોડસ વિદ્યાદિવ્યો રક્ષંતું વો નિત્યં સ્વાહા. ૐ આચાર્યો પાધ્યાય પ્રભૃતિ ચાતુ વર્ણ્યસ્ય શ્રી-શ્રમણ સંઘસ્ય શાંતિ ર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ. ૐ ગ્રહાશ્ચંદ્ર સૂર્યાંગારક બુધ બૃહસ્પતિ શુક્ર શનૈશ્વર રાહુ કેતુ સહિતાઃ સલોકપાલાઃ સોમયમ વરૂણ કુબેર વાસવાદિત્ય સ્કંદ વિનાય કોપેતાઃ યેચાન્યેઽપિ ગ્રામ નગરક્ષેત્ર દેવતા દયસ્તે સર્વે પ્રાયંતાં પ્રીયંતાં અક્ષિણ કોશ કોષ્ટા ગારા નરપતયશ્ચ ભવંતુ સ્વાહા. ૐ પુત્ર મિત્ર ભાતૃ કળત્ર સુહૃદ સ્વજન સંબંધિ બંધુ વર્ગ સહિતા નિત્યં ચામોદ પ્રમોદકારિણુ અ-

સ્મિશ્ચ ભૂમંડલાયતન નિવાસી સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાણું રોગો પસર્ગવ્યાધિ દુઃખ દુર્ભિક્ષ દૌર્મનસ્યો પશમનાય શાંતિ ર્ભવતુ. ૐ તુષ્ટિ પુષ્ટિ રૂદ્ધિ વૃદ્ધિ માંગલ્યો ત્સવાઃ સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યંતુ દુરિતાની. શત્રવઃ પરાઁમ્ મુખ્યા ભવંતુ સ્વાહા.

" અનુષ્ટુપ વૃતમ. "

શ્રીમતે શાંતિ નાથાય, નમઃ શાતિ વિધાયિને;
ત્રિલોકય સ્યામરાધીશ, મુકુટાર્ભ્ય ર્ચિતાંઘ્રયે. ૧
શાંતિઃ શાંતિકરઃ શ્રીમાન્, શાંતિ દિશતુ મેગુરૂ;
શાંતિરેવ સદા તેષાં, યેષાં શાંતિ ગૃહે ગૃહે. ૨

આર્યા.

ઉન્મૃષ્ટ રિષ્ટ દુષ્ટ, ગ્રહગતિ દુઃસ્વપ્ન દુર્નિમિત્તાદિ;
સંપાદિત હિત સંપ, નામગ્રહણં જ્યતિ શાંતે. ૧
શ્રીસંઘજ ગજ્જનપદ, રાજાધિપા રાજ્યશન્નિ વેશાનામ;
ગોષ્ટિકપુર મુખ્યાયનાં, વ્યાહરણૈર્વ્યા હરે છાંતિમ્. ૪

" ગદ્ય. "

શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ, શ્રી પૌરજનસ્ય શાંતિર્ભવતુ, શ્રીજનપદાનાં શાંતિર્ભવતુ, શ્રીરાજાધિપાનાં શાંતિર્ભવતુ, શ્રીરાજ્ય સન્નિવેશાનાં શાંતિર્ભવતુ, શ્રીગોષ્ટિકાના શાંતિર્ભવતુ, શ્રીપુરમુખ્યાણાં શાંતિર્ભવતુ શ્રીબ્રહ્મ લોકસ્ય શાંતિર્ભવતુ, ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રીપાર્શ્વનાથાય સ્વાહા. એશાં શાંતિ પ્રતિષ્ટા યાત્રા સ્નાત્રા ધવસાનેષુ શાંતિ કલશં ગૃહિત્વા કુંમચંદન કર્પૂરા ગૈરુધૂપ વાસ કુસુમાંજલિ સમેતઃ

સ્નાત્ર ચતુષ્કિકાયાં શ્રીસંઘ સમેતઃ શુચિ શુચિવપુઃ પુષ્પ વસ્ત્ર ચંદના ભરણાલંકૃતઃ પુષ્પમાલાં કંઠેકૃત્વા શાંતિ મુદ્દઘોષયિત્વા શાંતિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ.

નૃત્યંતિ નિત્યંમણિ પુષ્પવર્ષં, સૃજંતિ ગાયંતિચ મંગલાનિ;
સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ મંત્રાન્ કલ્યાણ ભાજોહિ જિનાભિષેકે. ૧
શિવમસ્તુ સર્વજગતઃ પરહિતનિરતા ભવંતુ ભૂતગણા;
દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખી ભવંતુ લોકાઃ ૨
અહંતિથ્થયર માયા, સિવાદેવી તુમ્હનયર નિવાસિની;
અમ્હં સિવં તુમ્હં સિવં અસિવો વસમં સિવં ભવતુ સ્વાહા. ૩
ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યંતે વિઘ્ન વલ્લયઃ
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનશ્વરે. ૪
સર્વ મંગલમાંગલ્યં, સર્વ કલ્યાણ કારમ્;
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.

ઇતિ.

ઉપર મુજબ સાંતનો પાઠ પુરો થઈ રહ્યા પછી નિચેનો શ્લોક બોલવો.

અનુષ્ટુપ વૃતમ.

આજ્ઞાહિં ક્રિયાહિનં, મંત્રહિનંચ યતકૃતં;
તત્સર્વં ક્ષમયાદેવ, ક્ષમત્વં પરમેશ્વર.

સંપૂર્ણ.

ભૂલ ચૂક મિથ્યામિ દુક્કડં—ઇતિ.

"નજર તો કરો"

શાહ. વર્ધમાનદાસ સરૂપચંદનાં બનાવેલાં વિવિધ જ્ઞાનદાતા સર્વોપયોગી સસ્તાં અને અતિ ઉપયોગી પુસ્તકો. મુકામ ઇડર.

તૈયાર છે.

तत्वज्ञान प्रकाश भाग १ लो.

જેની અંદર તત્વજ્ઞાન મેળવવાને લાયક થનાર દરેક માણુસમાં કેવા ગુણો કેવી રીત્યે સિદ્ધ થવા જોઇએ અને કઈ વસ્તુ સ્થિતીનું કેવી રીત્યે ભાન થવું જોઇએ–તેનું માત્ર બાળકને પણ જ્ઞાન થઈ શકે તેટલા માટે સરળ ભાષામાં લખવામાં આવતાં. ગુણુ અને વસ્તુ સ્થિતિનું ભાન કરાવી જ્ઞાનરૂપ તત્વજ્ઞાનનો પાયો નાખ્યો છે. કીંમત. રૂ ૧–૦–૦ પોસ્ટજ જુદું.

"છપાય છે"

तत्व ज्ञान प्रकाश भाग २ जो.

જેની અંદરે તત્વ જ્ઞાન પ્રકાશ ભાગ ૧લામાં જણાવેલા તત્વ જ્ઞાનના પાયા રૂપ જ્ઞાનના દરેક પેટા વિભાગની વિશેષ ખુલાસા વાર સમજુતી આપવામાં આવી છે. અને તે દરેક વિભાગમાં અનુંક્રમે પ્રવર્ત્તન કરવાની જુદી જુદી યૂક્તિયો દર્શાવવામાં આવીછે.

તેમજ તે યુક્તિયે પ્રમાણે વર્ત્તવાથી સ્વભાવિક પણે કેવા ચમત્કારોનો અનુભવ થાય છે, અને ન્યાય બુદ્ધિ ઉત્પન્ન થઈ સ્વાભાવિક પણે જ્ઞાન ધ્યાનનો કેવો પ્રવાહ નિરંતર ચાલે છે? તેમજ ક્ષમા દયા શાંતિ અને સૌમ્ય ઇત્યાદિક તત્વજ્ઞાન વિવર્ધક ગુણોનું કેવી અદ્ભૂત રીત્યે સંમીલન થઇ સુર દુર્લભ તત્વ જ્ઞાન પ્રાપ્ત કરાવે છે તે વિગેરે તથા સર્વ પ્રકારના નયવાદ તર્ક વાદ–અને સ્યાદ્વાદ તેમજ અનિ· ર્વચનિય ખ્યાતિનું સ્વરૂપ વિગરે અનેક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કિમત રૂ ૧–૮–૦ રાખવામાં આવી છે. તોપણ આગળથી ગ્રાહક થનાર પાસેથી રૂ ૧–૪–૦ અને "તત્વ જ્ઞાન પ્રકાશ ભાગ. ૧ લો" એ નામના પુસ્તકના જેઓ સાહેબ ગ્રાહક થયેલા છે અથવા હવે પછી થશે તેમના માટે રૂ ૧–૦–૦ પોસ્ટેજ માફ, દશ નકલે એક નકલ ભટ. **લી. કર્ત્તા.**

"છપાય છે."

सद् बोध रत्नाकर.

અરે ! જુઓતો ખરા, આ સદ્બોધ રત્નાકરમાં કેવાં રત્નો છે ?:—

મોક્ષરૂપ લક્ષ્મિતો આ સદ્બોધ રત્નાકરમાં પર્યટન કરવાથી જ પ્રાપ્ત થવાનો સંભવ પ્રત્યક્ષ છે. સર્વ પ્રકારના દુર્ગુણ નાશ કરવાને ખડ્ગ સમાન દ્રઢ સામર્થ્ય રૂપ કૌસ્તુભ મણિ જેવું મહારત્ન પણ આ સદ્બોધ રત્નાકરનું મથન કરવાથી મળી આવે છે, આનંદમા લીન કરી દીન પ્રતિદીન બુદ્ધિના પ્રભાવને વધારી

સુર દુર્લભ ગમત સાથે ઈચ્છીત ફળની પ્રાપ્તી કરનાર કલ્પ વૃક્ષ પણ આ રત્નાકરમાંથીજ મળી આવે છે. બાહ્ય તથા અંતરિક્ષ પીડાને મટાડવાને આનંદ અને બોધ રૂપ સર્વોત્તમ રસાયનની ઉત્પત્તિ પણ આ રત્નાકરમાં છે, દરેકના અંતઃકરણને નિરંતર અલ્હાદ આપનાર તત્વજ્ઞાન રૂપ ચંદ્રનું ઉત્પાદ સ્થાન પણ આ રત્નાકર છે, આ રત્નાકરનાં બિંદુ રૂપ વાકયો વાંચવા તથા શ્રવણના લાભથી કાળક્ષેપ, તે હાની રૂપ નહી પણ સમગ્ર કાળના સાફલ્ય રૂપ આનંદ સમાધી રૂપ, અપૂર્વ, અને અલૌકિક લાભ રૂપજ થશે અર્થાત્ તન મન ધન અને સમયનો વ્યય તે નિષ્ફળ નહિં પણ સફળજ થવાનો. ટુંકાણમાં એટલુંજ તેમાં કેવાં કેવાં રત્નોનો સમુદ્ર ભરેલો છે તે માત્ર વાંચવાથીજ જણાશે, તેની કિંમત માત્ર રૂ ૦–૧૦–૦ રાખી છે તો પણ આગળથી ગ્રાહક થનાર પાસેથી રૂ ૦–૮–૦ અને "તત્વજ્ઞાન પ્રકાશ ભાગ ૧ લો" એ નામના પુસ્તકના જે સાહેબો ગ્રાહક થયા છે અથવા હવે પછી થશે તેમની પાસેથી માત્ર અડધી કિંમત એટલે રૂ ૦–૫–૦ લેવામાં આવશે.

પરમાર્થિક દ્રષ્ટીએજ માત્ર જુજ કિંમત રાખવામાં આવી છે ખરીદનારે તાકીદે નામ ભરી મોકલવાં, પોષ્ટેજ નિરાળું, ચાર નકલ રાખનારને એક નકલ ભેટ, દસ નકલ રાખનારને અથવા દશ ગ્રાહક મેળવી આપનારને. રૂ ૧–૦–૦ ની કિંમતનું સુંદર પુસ્તક ભેટ આપવામાં આવશે. પાંના આશરે ૨૦૦

કર્તા.

વર્ધમાંનદાસ સરૂપચંદશાહ.

વ્યવસ્થાપક–જ્ઞાનશાળા.

ઈડર–મહિકાંઠા.

નીચેનાં પુસ્તકો નીચેને ઠેકાણે મળશે.

તૈયાર છે.

૧ તત્વજ્ઞાન પ્રકાશ ભાગ ૧ લો કિંમત. રૂ. ૧-૦-૦	શાહ વર્ધમાન સરૂપચંદ ઇડર-મહિકાંઠા.
૨ સંપૂર્ણ વિધિસહિત સ્નાત્ર પૂજા પંડિત શ્રી. વિરવિજયજી કૃત. કિંમત. રૂ. ૦-૨-૦ પોસ્ટેજ જુદું દશ નકલે એક પ્રત ભેટ.	કર્તા પાસેથી.. ઇડર-મહિકાંઠા

છપાય છે.

૩ તત્વજ્ઞાન પ્રકાશ ભાગ ૨ જો. કીંમત રૂ ૧-૮-૦ પોસ્ટેજ માફ અગાઉથી. ગ્રાહક થનાર માટે રૂ ૧-૪-૦ તત્વજ્ઞાન પ્રકાશ ભાગ ૧લા ના જે ઓ અગાઉથી ગ્રાહક થયેલા છે તેમની પાસેથી રૂ ૧-૦-૦ ૪ સદ્બોધ રત્નાકર કીમતરૂ૦-૧૦-૦ ૦-૮-૦ અને રૂ૦-૫-૦ ઉપર મૂજબ ચાર નકલે એક નકલ ભેટ અને દશ નકલે રૂ ૧-૦-૦ ની કીમતનું પુસ્તક ભેટ પોસ્ટેજ જુદું. પાનાં આશરે ૧૦૦	શાહ. વર્ધમાન સરૂપચંદ ઇડર-મહિકાંઠા.